સરદાર પટેલ સહભાગી જળસંચય
યોજનાના અમલ બાબત ( ચોથો
તબક્કો )

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ
ઠરાવ ક્રમાક : સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-કર
સચિવાલય, ગાંધીનગર
તા: ૨૬-૪-૨૦૦૫

સંદર્ભ: (૧) વિભાગનો ઠરાવક્રમાંક : સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-કર
તા: ૧-૪-૨૦૦૫

(૨) વિભાગનો ઠરાવક્રમાંક : સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-કર
તા: ૨૧-૪-૨૦૦૫

**પૂર્વભૂમિકા:**

સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનામાં ચોથો તબક્કો સરકારશ્રીના ઉપરોક્ત સંદર્ભિત ઠરાવથી તા: ૧-૪-૦૫થી અમલમાં આવેલ છે જે અનુસાર સમગ્ર ગુજરાત રાજ્યમાં ચેકડેમો બાંધવાની કામગીરી ૮૦:૨૦ માં કરવાની સરકારે સ્વીકૃતિ આપેલ છે. સદર ઠરાવના અનુસંધાનમાં સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટ અને અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓએ લોકભાગીદારીથી થતા ચેકડેમોમાં લોકો નક્કી કરે તે સાઇટને પ્રાધાન્ય આપવામાં આવે તો લોકભાગીદારીની આ યોજનાથી મોટી નદીઓ પર મોટા ચેકડેમો બનાવવાનું શક્ય બનશે તેવી રજુઆત કરવામાં આવી.

પરંતુ તેઓશ્રીના જણાવ્યા અનુસાર વિભાગના ઉપરોક્ત ઠરાવમાં ચેકડેમોની સ્થળપસંદગીમાં જણાવેલ છે કે સરકાર દ્વારા બનાવેલ નદીઓ પરના માસ્ટર પ્લાનમાંથી નક્કી કરેલ સાઇટમાંથી પસંદગી કરી સરકારશ્રીની મંજુરી મેળવી કામગીરી કરી શકાશે. સરકારશ્રીના આ શરતને કારણે હાલમાં ચેકડેમોની કામગીરી ઉપર વિપરિત અસર થઇ છે. આગામી ચોમાસા પહેલાં જો કામો શરુ કરવાં હોય તો સરકારશ્રીના ઠરાવની સદર જોગવાઇમાં સુધારો કરવો પડે.

આ ઉપરાંત ચેકડેમો બાંધવાથી થતા પાણીના સ્ટોરેજનો આધાર ચેકડેમના સ્રાવક્ષેત્ર ઉપર છે અને વિભાગના આ જ ઠરાવમાં પણ  ઓછામાં ઓછા ૧૦ ચો.કિ.મી. નો મુક્ત સ્રાવક્ષેત્ર (કલીયર સ્રાવક્ષેત્ર) હોય તો ચેકડેમ બાંધવાની જોગવાઇ છે. આથી આ સ્વૈચ્છિક સંસ્થાઓની માંગણીના આ ઠરાવમાં માસ્ટરપ્લાનમાંથી મંજુરીની શરત રદ કરવાનું સુચન કરેલ છે.

ઠરાવ:

સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના ચોથા તબક્કાના તા: ૧-૪-૦૫ ના ઉપરોક્ત ઠરાવમાં મોટી નદીઓ પરના ઔદ્યોગિક ગૃહો તેમજ સ્વેચ્છિક સંસ્થા દ્વારા બનાવવામાં આવતાં ચેકડેમો માટેની સ્થળપસંદગીના પેરા(બ) ના સબપેરા(૧) માં નિર્દિષ્ઠ કરેલ જોગવાઇમાંથી “ સરકાર દ્વારા બનાવેલ નદીઓ પરના ચેકડેમો માટેના માસ્ટરપ્લાનમાંથી નક્કી કરેલ સાઇટ પસંદગી કરી સરકારશ્રીની મંજુરી મેળવી કામગીરી કરી શકાશે “ તેવી લાઇન રદ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમે અને નામે

વિવેક.પી.કાપડિયા
ઉપસચિવ (જળસંચય)

પ્રતિ

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય અધ્યક્ષશ્રીના અગ્રસચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રી(જળસંપત્તિ)ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ, રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ અને નાયબ મંત્રીશ્રીઓ (સર્વે)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
- ગુજરાત રાજ્યના સર્વે બોર્ડ-નિગમના અધ્યક્ષશ્રીઓ
- ગુજરાત રાજ્યના સર્વે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ
- ગુજરાત રાજ્યના સર્વે તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ

- સર્વે સંસદસભ્યશ્રીઓ
- સર્વે ધારાસભ્યશ્રીઓ
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલય, ગાંધીનગરના સર્વે વિભાગો
- સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે અધિક સચિવશ્રી અને મુખ્ય ઈજનેરશ્રીઓ, નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વહીવટી સંચાલકશ્રી, ગુજરાત રાજ્ય જળસંપત્તિ વિકાસ નિગમ લિ., ગાંધીનગર
- નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગના સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ
- નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગના સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ
- નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગના સર્વે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીઓ
- રાજ્યના સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- રાજ્યના સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, રાજકોટ/ અમદાવાદ
- શ્રી નીતિનભાઇ પટેલ - ચેરમેન સ.પ.સ.જ.સં.યો. કાર્યાન્વયન સમિતિ
- શ્રી બાબુભાઇ બોખીરીયા- ચેરમેન સ.પ.સ.જ.સં.યો. કાર્યાન્વયન સમિતિ
- શ્રી ધીરેન પંડ્યા એસોસીયેટસ ચાર્ટડ એકાઉન્ટન્ટ